# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૧૨ તા.૨૪-૦૧-૨૦૨૦

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- નિરક્ષકોનો સર્વે તથા ડેટા એન્ટ્રી કરવા બાબત.

સંદર્ભ :- ૧. ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૦/૬૨૭-૭૧૪ તા.૨૩-૦૧-૨૦૨૦

૨. ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદ પરિપત્ર નં. ૯૯ તા.૦૨-૦૧-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, આ સાથે સામેલ સાક્ષરતા અને નિરંતર શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગરનો તા.૨૦-૧૨-૨૦૧૯ના પત્રમાં જણાવેલ વિગતોને ધ્યાને લઈ આપની શાળાના તમામ શિક્ષકોને આ અંગે જરૂરી નિયમોનુસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

મિશન સાક્ષર ગુજરાત-૨૦૩૦ યોજના અન્વયે મહિલા સાક્ષરતા દર વધારવા અને નિરક્ષરતા નાબુદ કરવા ૧૫-૫૫ વય જુથ ધરાવતા સ્ત્રી/પુરૂષ નિરક્ષરોને આવરી લેવા તમામ મુદ્દાઓ પરત્વે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જેમાં શાળા પ્રવેશોત્સવ વખતે શહેરની પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા ૦-૫ વર્ષના બાળકોના સંબંધમાં ઘરે ઘરે જઈને સર્વે કરવામાં આવે છે. તે સર્વેની સાથે જ ગામના નિરક્ષરોનો પણ સર્વે કરવા આથી તમોને આ અનુસંધાને જણાવવાનું કે આપની શાળા દ્વારા નિરક્ષકોનો સર્વે કરવામાં આવે તે સુનિશ્ચિત કરશો.

ઉકત સર્વેની કામગીરી માટે નીચેની સૂચનાઓ ધ્યાને લેશો.

(૧) આ સાથે સામેલ રજીસ્ટરના નમુના મુજબ સૌ પ્રથમ ઘરના સભ્યો પૈકી કોઈ સભ્ય નિરક્ષર છે કે નહી તે રજીસ્ટરમાં નોંધવું.

(૨) જો ઘરમા કોઈ નિરક્ષર હોય તો જ આ સાથે સામેલ પત્રક-એમાં તે નિરક્ષર સભ્યની ખાના ૧ થી ૧૦ મુજબની માહિતી ભરવી.

(૩) ઉકત સર્વેની કામગીરી પૂર્ણ થયા બાદ સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી દ્વારા સર્વેમાં નોંધાયેલ તમામ નિરક્ષરોની ડેટા એન્ટ્રી કરવાની રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર.

તા.૨૪-૧-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

(ઇ.નં. ૧૧૭૦)

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૦/ ૬૨૭-૭૨૪
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૨૩/૦૧/૨૦૨૦

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ**- નિરક્ષરોનો સર્વે તથા ડેટા એન્ટ્રી કરવા બાબત

**સંદર્ભઃ**- સાક્ષરતા અને નિરંતર શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ- સનશ/ગ-૧/૨૦૧૯-૨૦ તા.૨૦/૧૨/૨૦૧૯

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, આ સાથે સામેલ સાક્ષરતા અને નિરંતર શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગરનો તા.૨૦/૧૨/૨૦૧૯ ના પત્રમાં જણાવેલ વિગતોને ધ્યાને લઇ આપની કક્ષાએથી શિક્ષકોને આ અંગે જરૂરી નિયમોનુસારની કાર્યવાહી કરવા આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

સંયુકત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

**નકલ રવાના જાણ સારૂઃ-**

- નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ નિયામકની કચેરી, બ્લોક નં-૧૨/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

Scanned by CamScanner

# સાક્ષરતા અને નિરંતર શિક્ષણ નિયામકની કચેરી

બ્લોક નં. ૧૨, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

ફોન નં. ૦૭૯-૨૩૨૫૪૦૨૫, ૨૩૨૫૪૦૨૪, ફેકસ નં. ૨૩૨૫૪૦૨૩


---

ક્રમાંક: સનશ/ગ-૧/૨૦૧૯-૨૦/

તારીખ: ૨૦/૧૨/૨૦૧૯

પ્રતિ,

૧) નિયામકશ્રી,
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક-૧૨/૩, જુના સચિવાલય,
ગુ.રા. ગાંધીનગર

૨) નિયામકશ્રી,
સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી,
સે-૧૭, ગાંધીનગર

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી ગુ. રા. ગાંધીનગર 21 DEC 2019 ૯૧૭૦

વિષય: નિરક્ષરોનો સર્વે તથા ડેટા એન્ટ્રી કરવા બાબત

સંદર્ભ: સચિવશ્રી, શિક્ષણ વિભાગની અધ્યક્ષતામાં તા- ૧૪/૧૧/૧૯ ના ૦૧:૦૦ કલાકે મળેલ બેઠક.

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સચિવશ્રી, શિક્ષણ વિભાગની અધ્યક્ષતામાં તા- ૧૪/૧૧/૧૯ ના ૦૧:૦૦ કલાકે મળેલ બેઠકમાં નકકી થયા મુજબ મિશન સાક્ષર ગુજરાત-૨૦૩૦ યોજના અન્વયે મહિલા સાક્ષરતા દર વધારવા અને નિરક્ષરતા નાબુદ કરવા ૧૫-૫૫ વય જુથ ધરાવતા સ્ત્રી/પૂરૂષ નિરક્ષરોને આવરી લેવા તમામ મુદ્દાઓ પરત્વે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જેમાં શાળા પ્રવેશોત્સવ વખતે ગામની પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા જે તે ગામના ૦-૫ વર્ષના બાળકોના સંબધમાં ઘરે ઘરે જઇને સર્વે કરવામાં આવે છે. તે સર્વેની સાથે જ ગામના નિરક્ષરોનો પણ સર્વે કરવો તેવી સુચના થયેલ છે.

જે અનુસંધાને જણાવવાનું કે આપની કચેરી ધ્વારા નિરક્ષરોનો સર્વે કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા વિનંતી છે.

<u>ઉક્ત સર્વેની કામગીરી માટે નીચે મુજબની સુચાનાઓ ધ્યાને લેવા વિનંતી છે.</u>

(૧) આ સાથે સામેલ રજીસ્ટરના નમુના મુજબ સૌ પ્રથમ ઘરના સભ્યો પૈકી કોઇ સભ્ય નિરક્ષર છે કે નહિ તે રજીસ્ટરમાં નોંધવું.

(૨) જો ઘરમાં કોઇ નિરક્ષર હોય તો જ આ સાથે સામેલ પત્રક-એ માં તે નિરક્ષર સભ્યની ખાના ૧ થી ૧૦ મુજબ ની માહિતી ભરવી.

આ.ન. નિયામકશ્રીના ધ્યાને

2 1 DEC 2019



Scanned by CamScanner

ઉક્ત સર્વેની કામગીરી પૂર્ણ થયા બાદ સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી દ્વારા સર્વેમાં નોંધાયેલ તમામ નિરક્ષરોની ડેટા એન્ટ્રી કરવાની રહેશે.

નિયામક

સાક્ષરતા અને નિરંતર શિક્ષણ

ગુ.રા. ગાંધીનગર

બિડાણઃ

૧) તા. ૧૪/૧૧/૨૦૧૯ના રોજ થયેલ મીટીંગની મીનીટસની નકલ સામેલ છે.

૨) સર્વે માટે રજીસ્ટરનો નમૂનો તથા પત્રક-એ

Scanned by CamScanner

સચિવશ્રી, શિક્ષણ વિભાગની અધ્યક્ષતામાં તા- ૧૪/૧૧/૧૯ ના ૦૧:૦૦ કલાકે મળેલ બેઠકમાં થયેલ ચર્ચાની મિનિટ્સ:-

તા- ૧૪/૧૧/૧૯ ના ૦૧:૦૦ કલાકે યોજવામાં આવેલ મિટિંગમાં નીચે મુજબના અધિકારીશ્રીઓ હાજર રહેલ.

૧. શ્રી બી પી ચૌહાણ, નિયામકશ્રી સાક્ષરતા અને નિરંતર શિક્ષણ, ગાંધીનગર

૨. શ્રી પી એ જલુ, અધ્યક્ષશ્રી રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર

3. શ્રી આર. આર. પટેલ, નાયબ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકના પ્રતિનિધિશ્રી, નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

૪. શ્રી વિશાલ સોની, પ્રોજેકટ ઓફિસરશ્રી,સર્વ શિક્ષા અભિયાન, સે-૧૭, ગાંધીનગર

૫. શ્રી એન ડી પટેલ, જીસીઇઆરટીની કચેરી,વસ્તી શિક્ષણ શાખાના પ્રતિનીધિ,ગાંધીનગર

૬. શ્રી બી એન દવે, મદદનિશ નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ

અધ્યક્ષશ્રી દ્વારા સમિતિના સર્વે સભ્યોને આવકાર આપી મિટીંગ શરૂ કરી.

મિશન સાક્ષર ગુજરાત-૨030 યોજના અન્વયે મહિલા સાક્ષરતા દર વધારવા અને નિરક્ષરતા નાબુદ કરવા ૧૫-૫૫ વય જુથ ધરાવતા સ્ત્રી/પૂરૂષ નિરક્ષરોને આવરી લેવા તમામ મુદ્દાઓ પરત્વે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું વિસ્તૃત ચર્ચાના અંતે નીચે મુજબ મુદ્દા પરત્વે નિર્ણય કરવામાં આવ્યો.

૧. ડીસેમ્બર-૨૦૧૯ અંત સુધીમાં સમગ્ર શિક્ષા અભિયાનની કચેરીના શ્રી વિશાલભાઇ સોની, પ્રોજેક્ટ ઓફીસરે નિરક્ષરોના સર્વે બાબતનુ પોર્ટલ બનાવવા જરુરી કાર્યવાહી કરવા સૂચના આપી.

૨. શાળા પ્રવેશોત્સવ વખતે ગામની પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા જે તે ગામના ૦-૫ વર્ષના બાળકોના સંબધમાં ઘરે ઘરે જઇને સર્વે કરવામાં આવે છે. તેની સાથે એ ગામના નિરક્ષરોનો પણ સર્વે કરવાનો રહેશે.

3. નવી રાષ્ટ્રીય શિક્ષણ નિતીના ચેપ્ટર નંબર-૨૧માં પ્રૌઢ શિક્ષણનો સમાવેશ કરેલ છે. આથી નવી શિક્ષણ નિતીના સંબંધમાં કેદ્ર સરકારના વિભાગ દ્વારા સૂચનાઓ આપવામાં આવેશ્રી આ સંબંધમાં કાર્યવાહી કરવાની રહેશે.

અંતે આજરોજની મિટિંગમાં ઉપસ્થિત રહેલ સર્વે સભ્યશ્રીઓનો આભાર માની મિટીંગ પૂર્ણ જાહેર કરી.

(પી.એ. જલુ)
નિયામક
સાક્ષરતા અને નિરંતર
શિક્ષણ, ગુ.રા. ગાંધીનગર

પત્રક્રમાંક : સનશ/ગ્રાંટ/૨૦૧૯/ ૬૨૫-૬૩૭
સાક્ષરતા અને નિરંતર શિક્ષણ નિયામકની કચેરી
બ્લોક નં. ૧૨, ત્રીજા માળે,
ડો.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય,
ગાંધીનગર. તારીખ ..26/11/19



Scanned by CamScanner

પ્રતિ,

- શ્રી બી પી ચૌહાણ, નિયામકશ્રી સાક્ષરતા અને નિરંતર શિક્ષણ, ગાંધીનગર
- શ્રી પી એ જલુ, અધ્યક્ષશ્રી રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર
- શ્રી આર. આર. પટેલ, નાયબ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકના પ્રતિનિધિશ્રી, નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર
- શ્રી વિશાલ સોની, પ્રોજેકટ ઓફિસરશ્રી,સમગ્ર શિક્ષા અભિયાન, સે-૧૭, ગાંધીનગર
- શ્રી એન ડી પટેલ, જીસીઇઆરટીની કચેરી,વસ્તી શિક્ષણ શાખાના પ્રતિનીધિ,ગાંધીનગર
- શ્રી બી એન દવે, મદદનિશ નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ

નકલ સવિનય રવાનાઃ

- સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાયલય, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગુ.રા. ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગુ.રા. ગાંધીનગર
- નિયામકશ્રી, સમગ્ર શિક્ષા અભિયનાની કચેરી,સે. ૧૭, ગુ.રા. ગાંધીનગર
- પ્રિન્સિપાલશ્રી, જી.સી.ઇ.આર.ટી. ની કચેરી, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, રાજય પરીક્ષા બોર્ડની કચેરી, ગાંધીનગર

Scanned by CamScanner

# મિશન સાક્ષર ગુજરાત-૨૦૩૦

મહેસુલ ગામ/વસાહત/વોર્ડ:.................................... તાલુકો:-.................................... જીલ્લો:-....................................

## રજીસ્ટરનો નમુનો

| ક્રમ | ઘરના વડાનું નામ: | ઘરના કુલ સભ્યોની સંખ્યા | તે પૈકી નિરક્ષર સભ્યોની સંખ્યા | ઘરના સભ્યની સહી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | | | | |

નોંધ:- (૧)સામાન્ય રીતે ૧૫ વર્ષથી વધુની ઉંમર ધરાવતી વ્યકિતઓની માહિતી આ ફોર્મમાં ભરવાની રહેશે.

(૨) ખાના નં.-૪ માં જો નિરક્ષર સભ્યો હોય તો આ સાથે સામેલ પત્રક"એ" માં માહિતી ભરવી.

*સાક્ષર એટલે:- "૧૫ વર્ષ કે તેથી વધુ ઉંમરની કોઇ પણ વ્યક્તિ રોજીંદા જીવનમાં ટુંકા સાદા વિધાનો સમજીને વાંચી અને લખી શકે તેવી વ્યક્તિને સાક્ષર કહેવાય."

સર્વેક્ષકની સહી:-
તારીખ

મુખ્ય શિક્ષકની સહી/સિક્કો
તારીખ

Scanned by CamScanner

# મિશન સાક્ષર ગુજરાત-૨030

## પત્રક- અ(A)

કુટુંબના વડાનું નામ:- ........................................ મોબાઇલ નં- ........................................

ઘરનું સરનામું:- ........................................................................................

મહેસુલ ગામ/વસાહત/વોર્ડ: ........................................ તાલુકો/ ........................................ જીલ્લો:- ........................................

નોંધ:- (૧) એક ઘર માટે એક ફોર્મનો ઉપયોગ કરવો.

(૨)સામાન્ય રીતે ૧૫ વર્ષથી વધુની ઉંમર ધરાવતી નિરક્ષર વ્યકિતઓની માહિતી આ ફોર્મમાં ભરવાની રહેશે.

| ક્રમ | નામ (અટક/નામ/પતિ-પિતાનું નામ) મોબાઇલ નંબર હોય તો | જાતિ પુરુષ/સ્ત્રી | ઉંમર (સર્વે વખતે દર્શાવે તે) | હાલના નોકરી/ધંધો ની વિગત. | અનુ. જાતિ(SC) અનુ. જન જાતિ(ST) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત (SEBC) સામાન્ય (Gen) (લાગુ પડતુ દર્શાવવું) | લઘુમતિ-( Minority) (હા/ના) | દિવ્યાંગ (હા/ના) (જો હા તો ૨૧ કેટેગરી પૈકીનું નામ લખવું) | કુટુંબ ગરીબી રેખા નીચે (BPL) છે? હા/ના | આધાર કાર્ડ નંબર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | | | | | | | | | |
| ૨ | | | | | | | | | |
| ૩ | | | | | | | | | |
| ૪ | | | | | | | | | |
| ૫ | | | | | | | | | |
| ૬ | | | | | | | | | |
| ૭ | | | | | | | | | |

• મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી, શિખ, જૈન અને બૌધ ધર્મ પાળતા લોકો

સર્વેક્ષકની સહી
તારીખ

માહિતી આપનારનું નામ અને સહી
તારીખ